વિદેશ સચિવની યુએઈની સત્તાવાર મુલાકાત

વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રી 1 - 2 નવેમ્બર 2026 દરમિયાન સંયુક્ત આરબ અમીરાતની સત્તાવાર મુલાકાત પર હતા. આ મુલાકાત ભારત-યુએઈ સંબંધોની વિશેષતા સમાન નિયમિત ઉચ્ચ સ્તરીય સંપર્કોના સંદર્ભમાં યોજાઇ હતી અને તે ભારત-યુએઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરવાની તક પૂરી પાડે છે.

2. અબુ ધાબીમાં, વિદેશ સચિવે યુએઈના આંતરરાષ્ટ્રીય સહકાર રાજ્યમંત્રી અને ભારત માટેના વિશેષ રાજદૂત મહામહિમ રીમ અલ હાશિમી સાથે ચર્ચા કરી હતી. બંને પક્ષોએ વિવિધ ક્ષેત્રોમાં વ્યૂહાત્મક દ્વિપક્ષીય ભાગીદારીની સમીક્ષા કરી અને સહયોગના નવા માર્ગો શોધ્યા. બંને પક્ષોએ પ્રાદેશિક અને વૈશ્વિક ઘટમાળ અંગે પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

3. વિદેશ સચિવે અબુ ધાબીના સંસ્કૃતિ અને પર્યટન વિભાગના અધ્યક્ષ મહામહિમ મોહમ્મદ ખલીફા અલ મુબારક સાથે પણ મુલાકાત કરી હતી. આ બેઠકમાં હાઉસ ઑફ ઇન્ડિયા સહિત સાંસ્કૃતિક અને સર્જનાત્મક આદાન-પ્રદાનમાં સહયોગ માટે વધુ ગાઢ સંસ્થાકીય જોડાણો અને સહયોગના નવા માર્ગો શોધવાની તેમજ પર્યટન ક્ષેત્રે સહયોગની તકો ચકાસવાની તક મળી હતી, જે બંને દેશોના લોકોને સતત વધુ નજીક લાવી રહ્યું છે.

4. વિદેશ સચિવે અબુ ધાબી ડિપાર્ટમેન્ટ ઑફ ફાઇનાન્સના અધ્યક્ષ તથા એલ'ઇમાદ હોલ્ડિંગ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ સીઈઓ મહામહિમ જસ્સેમ મોહમ્મદ બુ અતાબા અલ ઝાબી સાથે પણ મુલાકાત કરી હતી. વાતચીતમાં આર્થિક સહયોગને વધુ વ્યાપક બનાવવાની સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેથી રોકાણના પ્રવાહમાં વધારો થાય અને બંને અર્થતંત્રોને લાભદાયી એવી લાંબા ગાળાની વ્યાપારી ભાગીદારીનું નિર્માણ થઇ શકે.

5. આ મુલાકાતે ભારત-યુએઈ સંબંધોનો આધારસ્તંભ એવા પરસ્પર વિશ્વાસ અને વ્યૂહાત્મક સમન્વયને વધુ મજબૂત બનાવ્યા હતા. સાથે જ, આગામી સમયમાં દ્વિપક્ષીય ભાગીદારીને વધુ વેગ આપવા માટે બંને પક્ષોના સહિયારા સંકલ્પને પણ ઉજાગર કર્યો હતો.

અબુ ધાબી

02 નવેમ્બર, 2026